# ગીર ગાય
# પૃથ્વીલોકની કામધેનુ



વિશ્વમાં સૌથી શ્રેષ્ઠઅને અતિ પ્રાચીન સંસકૃતિનો અમૂલ્ય વારસો મળ્યો હોય તો તે ભારતખંડને. આ અતિ મૂલ્યવાન વારસો બે-પાંચ હજાર વર્ષનો નહીં પરંતુ લાખો વર્ષ પુરાણો હોય આપણે ગર્વ અનુભવી શકીએ છીએ અને આ અતિ પ્રાચીન બાબતો સાથે અનેક શ્રેષ્ઠ બાબતો સંકળાયેલ છે, જેમાં અમુક બાબતો ફક્ત પૌરાણિક કથા કે ધાર્મિક પુસ્તકો પુરતી સીમિત રહી ગઈ, અમુક નામશેષ થઈ ગઈ તો અમુક બાબતોની યોગ્ય જાળવણી કરવામાં ઉણા ઉતરતા આ કિંમતી ધરોહર ભૂતકાળ બની ગઈ.

આમ છતાં કેટલાય વર્ષોથી ઐતિહાસિક વારસામાં મળેલ એક વસ્તુ એ આજે પણ પોતાનું અસ્તિત્વ જેમ તેમ કરીને ટકાવી રાખ્યું છે અને તે છે ગાય. પ્રાચીન સંસ્કૃતિનું અવિભાજય અંગ એટલે ગાય. હિંદુધર્મમાં ગાયને માતાનું બિરૂદ આપવામાં આવેલ છે જે તેની મહાનતા દર્શાવે છે. આપણે જાણીએ છીએ કે પુરાણો- શાસ્ત્રોમાં ગાયને ખૂબ જ માન સન્માન સાથે અદકેરૂ સ્થાન આપવામાં આવેલ હતુ. યાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે મોટાયજ્ઞો કે ધાર્મિક પ્રસંગોએ ગાયોના દાન આપવામાં આવતા હતા. આમ ગાયને જીવન નિર્વાહ માટેનું પણ અમૂલ્ય સાધન ગણવામાં આવતી. સમય જતાં ગાય પ્રત્યે દુર્લક્ષ્યતા સેવતા વિપરીત સ્થિતિ ઉભી થઈ. ધર્મશાસ્ત્રોમાં જે ગાયને શ્રેષ્ઠ દરજ્જો મળેલો એ જ ગાયની આજે દુર્દશા જોવા મળે છે. વાસ્તવમાં ગાયને ધાર્મિકકાર્યોમાં તો મહત્વપૂર્ણ માનવામાં આવે છે. એ ઉપરાંત ઔષધકીય બાબતોથી માંડી આરોગ્ય માટે પણ તેમનામાં અતિ દુર્લભ બાબતો અસ્તિત્વ ધરાવે છે.

મૂળ ગુજરાતી દેશીગીર ગાય જેને આપણે દેસાણ, ભોદાળી, ગુજરાતી, કાઠીયાવાડી, સોરઠી, સુરતી નામે ઓળખીએ છીએ એ ગાયો કુલ પશુઓમાંનો ૩૫ ટકા હિસ્સો ધરાવે છે. આવી અતિ મૂલ્યવાન ગીર ગાયને આપણે ફક્ત ધાર્મિકતા સાથે જ જોડી છે, તેમાં રહેલી અન્ય ખૂબીઓથી કાં તો આપણે અજાણ છીએ અથવા નજર અંદાજ કરતા રહીએ છીએ. આપણી દેશી ગીર ગાય ત્રણ અતિ મહત્વપૂર્ણ બાબતો સાથે સંકળાયેલ છે. આપણા દેશમાં પ્રથમ બાબતને અગ્રીમતા આપી તેમાં રહેલી ખૂબી વિશીષ્ટતાવાળછી અન્ય બે બાબતોનો આપણે જોઈએ એટલો ઉપયોગ કરેલ જ નથી.

પ્રથમ બાબત એ કે આપણે એમને ધર્મ શાસ્ત્રો સાથે જોડીને પૂજન-અર્ચન કરીએ છીએ. આ બાબત ભારતમાં જ જોવા મળે છે. દ્વિતિય બાબત એ કે ઔષધીયથી લઈને આરોગ્યને લગતી અમુક વસ્તુઓ તથા ખેતી સાથે પણ આપણી ગીર ગાય સંકળાયેલ છે. પરંતુ આ બાબતે હજુ ભારતમાં જોઈએ એટલી જાગરૂકતા કે ફેલાવો પામેલ નથી અને તૃતીય બાબત કદાચ આપણે નવાઈ પમાડે એ કે ગીર ગાય સધ્ધર અર્થતંત્રનો પણ ઉત્તમ નમૂનો છે, જેનું ઉદાહરણ બ્રાઝીલ દેશે પુરૂ પાડેલ છે.

ઉપરોકત દર્શાવેલ ત્રણેય મહત્વપૂર્ણ બાબતોને વિસ્તૃતરૂપે જોઈએ તો પ્રથમ બાબત ભારતમાં ગાયને જે દ્રષ્ટિએ જોવામાં આવે છે એ ધાર્મિકતા સાથે સંકળાયેલ છે, જેમ કે ઘર, દુકાન, મંદીર પરિસરમાં ગાયના છાણ પર રોજ શુધ્ધિકરણ દ્વારા વાતાવરણને શુધ્ધ કરી સકારાત્મક ઉર્જા પ્રદાન કરે છે, ગાયની એક આંખમાં સૂર્ય તથા બીજી આંખમાં ચંદ્રદેવતાનો વાસ હોય છે. સુવર્ણતત્વ ગાયમાતાના દૂધમાં જોવા મળે છે, જેનાથી રોગની કાર્યક્ષમતા ઘટે છે, ગાયની અંદર તેત્રીસ કોટી દેવતાનો વાસ હોય છે. આ દરેક બાબતો શાસ્ત્રો સાથે સંકળાયેલ જોવા મળે છે.

દ્વિતિય બાબત જોઈએ તો ગાયના દૂધમાં ઔષધીયથી લઈને તંદુરસ્ત આરોગ્ય માટે જરૂરી વિટામીનની હાજરી હોય છે. શાસ્ત્રોથી માંડી સંશોધન ઉપર ફોકસ પાડવામાં આવે તો દુધના સેવનથી ડાયાબીટીસ, ન્યુરોલોજીકલ ડીસઓર્ડર વિગેરે રોગોને કંટ્રોલ કરવાની અદ્દભૂતશક્તિ સમાયેલ છે. તે ઉપરાંત અલગ-અલગ સંશોધન દ્વારા એવું તારણ પણ કાઢવામાં આવ્યું કે ગૌમૂત્રમાં ૪૦૦ થી વધુ ઔષધીય ગુણધર્મનો દાવો કરવામાં આવ્યો કે જે ઘણા રોગ દર્દને નાશ કરનાર છે. આ ઉપરાંત દેશી ગાયને પ્રાકૃતિક ખેતી માટે પણ અભિન્ન અંગ તરીકે માનવામાં આવે છે. જંતુનાશક દવાઓના વધુ પડતાં ઉપયોગથી માનવ સ્વાસ્થ્ય માટે તદ્ઉપરાંત પર્યાવરણ માટે પણ જોખમી અસર ઉભી કરે છે. ગુણવત્તાયુકત કૃષિ ઉત્પાદન મેળવવા તથા ખેતીની ગુણવત્તા સુધારવા તથા ખર્ચ ઘટાડવા પ્રાકૃતિતક ખેતી જરૂરી છે અને એ માટે ગૌમૂત્ર સહીતનાં મિશ્રણનો છંટકાવ જંતુનાશક દવાની ગરજ સારે છે. આ ઉપરાંત સમયાંતરે ગાયના દેશી ખાતર (છાણ) થકી જમીન ફળદ્રુપ રહી જમીનની ગુણવત્તા જળવાય રહે છે. આમ, શુધ્ધ અનાજ, શાકભાજી માટેની ઉપજ માટે ગાય આશિર્વાદરૂપ છે, તે ઉપરાંત ગૌમૂત્રનાં છંટકાવથી અમુક જીવજંતુ પગપેસારો કરતા નથી જેથી ખેતીનો પાક તંદુરસ્ત રહે છે. આમ દર્શાવેલ દ્વિતિય બાબતે ભારતમાં હવે થોડી ઘણી જાગરૂકતા આવી છે પરંતુ વિદેશમાં આ બાબતોને કેળવીને સમયાંતરે સંશોધન કે સંપૂર્ણ સ્વીકૃતિ કરીને ગાય પ્રત્યે જે જાગૃતિ આવી છે તે કદાચ હજુ ભારતમાં આવી બાબતોનો સો ટકા સ્વીકાર કરતા સમય લાગે છે.

તૃતીય એટલે કે આખરી બાબત ગાયનાં સહયોગ થકી સધ્ધર થતું દેશનું અર્થતંત્ર. જે બાબતે હજુ આપણા દેશમાં ક્રાંતિ નથી આવી પરંતુ એક ગાયનાં માધ્યમ થકી દેશના ઈકોનોમી કેટલી વેગવાન બને એ સમગ્ર વિ/શ્વને બ્રાઝીલ દેશે દર્શાવ્યું છે.

સને ૧૯૪૦ આજુબાજુ બ્રાઝીલની ઈકોનોમી તળીયે પહોંચી ગઈ. ગ્રેટ ડીપ્રેશનનો સમય ચાલતો હતો. દેશમાં સારી ઓલાદનાં પશુઓ નહોતા, એમને લીધે દેશને જરૂરી દૂધ ઉત્પાદનનાં ઠેકાણા નહોતા ત્યારે એ સમયે સારી ઔલાદનાં દૂધાળા પશુઓ માટે સમગ્ર વિશ્વમાં નજર ફેરવી. રૂાખરે ભારત દેશની શુધ્ધ ઓલાદની ગીર ગાય ઉપર પસંદગી ઉતારી. ધીરે-ધીરે હજારો ગીર ગાયોની ક્રમશઃ બ્રાઝીલ દેશે ભારતમાંથી આયાતો કરવા માંડી. રૂામ દેશી ગીર ગાયની આયાતો કરી વિશ્વમાં ક્રાંતિ સર્જી દીધી. આજે બ્રાઝીલ દેશનું તળીયે ગયેલું અર્થતંત્ર ઉંચુ લાવી ગતિશીલ બનાવી દેશમાં આપણી ગીરાય લાખો લોકોને રોજગારી પુરી પાડે છે. આજે આપણી પોતાની ગીર ગાયોની સંખ્યા ઘટી રહી છે, ત્યારે બ્રાઝીલ દેશમાં આ જાતિની ગાયોની સંખ્યા સારી માવજતને કારણે વધી રહી છે. બ્રાઝીલ સરકાર દ્વારા પણ ગીરગાયને તેનાં વિકાસશીલ અર્થતંત્રના બહુમૂલ્ય હિસસો ગણી અદકેરૂ માન સન્માન આપી તેના ચલણમાં તથા પોસ્ટ સટેમ્પમાં વિશેષ સ્થાન આપયું છે. માનો કે આપણી ગાય માતાના આશિર્વાદ બ્રાઝીલને ફળ્યા છે. સૌથી વધ નવાઈ ઉપજાવે એવી બાબત એ કે જે ગીરગાયોને ભારતમાંથી આયાત કરવામાં આવી એ જ ગીરગાયોની ખૂબ જ શ્રેષ્ઠ સવલત, માવજત કરી તેની ગુણશ્રેષ્ઠતાોન પ્રચાર

કરી બ્રાઝીલ આ ગાયોને અન્ય દેશોમાં નીકાસ કરી વિદેશી હુંડીયામણ રળે છે, આને કહેવાય બુધ્ધિચાતુર્ય. રૂાવી રીતે આપણી શુધ્ધ ગીરગાયનો બ્રાઝીલમાં એક આગવો ક્રેઝ જોવા મળે છે. બ્રાઝીલ સિવાય અન્ય દેશોમાં પણ ગીરગાય હવે તો જોવા મળે છે. આપણને પ્રશ્ન થાય કે એક કાઠીયાવાડી ગીરગાય વિદેશનાં હવામાન કે ભૌગોલિક વાતાવરણમાં કેવી રીતે ટકી શકે ? પરંતુ અનેક સંશોધનો બાદ એવા તારણો નીકળ્યા કે ગીરગાયમાં એક ખાસીયત છે. કહો કે જમાપાસું.. ગણો તો ગીરગાય વિશ્વનાં દરેક વાતાવરણમાં, દૂધ ઉત્પાદનમાં ઔલાદ તથા સંવર્ધનમાં ટકી રહેવાની અનન્ય ક્ષમતા ધરાવે છે. જે અન્ય પશુમાં આવી ક્ષમતાઓ જોવા મળતી નથી. તાદઉપરાંત વિવિધ ઉષ્ણકટીબાંધીય રોગોના પ્રતિકારક્ષમતા માટે જાણીતી છે. આમ વિશ્વના અલગ દેશોના અલગ હવામાનમાં યોગય સંતુલન જાળવી શકે છે. આમ આપણી ગીરગાય ઉપર કુદરતના ચાર હાથ રહેલા છે એમ કહેવું વધારે ઉચિત ગણાશે. આ સિવાય ગીરગાયનાં પાંચ વર્ષ સુધી સંશોધન બાદ એવું તારણ નીકળ્યું કે અછતનો પ્રતિકાર કરીને પણ દૂધ આપવાની ક્ષમતા ધરાવે છે.

ગીરગાય દૂધ, ગૌમૂત્ર, જીવનનિર્વાહ માટે આજીવિકા આ બધુ તો આપે જ છે, પરંતુ કોઈને કહીએ કે સોનુ પણ આપે છે તો આશ્ચર્ય થયા વિના ન રહે. પ્રાચીનગ્રંથોમાં ગૌમૂત્રમાંથી સોના વિશે ઘણુ સાંભળવામાં આવેલ પરંતુ કોઈ આધાર પુરાવા નહોતા. પરંતુ હવે ૪૦૦ થી વધુ ગીર જાતિની ગાયોના ગૌમૂત્રનાં પરીક્ષણ કર્યા બાદ તેમાં સોનાની ઉપસ્થિતિ હોવાના પુરાવા મળેલ. બે થી ત્રણ લીટર ગૌમૂત્રમાં ૩એમજી થી ૫ એમજી સુધી સોનાનો દાવો કરવામાં આવેલ. આ ધાતુ મીઠાસ્વરૂપે મળી જે પાણીમાં દ્રવ્ય સ્વરૂપમાં હતી.

ગાયનાં દૂધ વિશે અનેક ઉપમાઓ આપવામાં આવે છે. માની લો કે સમુદ્રમંથન સમયે દેવતાઓએ અમૃત મેળવેલ ત્યારે પૃથ્વી ઉપર ગાયમાતા દ્વારા આપવામાં આવતું દૂધ અમૃતથી અનેકગણું ચડીયાતું છે. ગાયના દૂધમાં કોઈ કુદરતી ઉર્જાનો સમન્વય જોવા મળે છે માટે ગાયનાં દૂધની તોલે કોઈ પ્રવાહી આવી ન શકે. ગાયનું દૂધ માનસિક સ્વાસ્થ્ય, વિકાસ અને સંતુલન જાળવવા ઉપરાંત મન અને શરીર બેઉનાં પોષણ માટે દૂધ શ્રેષ્ઠ છે. શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે ગાયનાં દૂધના સેવનથી શુભ અને સાત્વિક વિચારો પ્રગટે છે. બુધ્ધિનાં તેજ માટે ગાયનું દૂધ જ શ્રેષ્ઠ વિકલ્પ તરીકે છે. આપણે જાણીએ છીએ કે ગાય એક પાલતુ પ્રાણી છે, પરંતુ શાસ્ત્રો કે ધર્મગ્રંથોમાં તેના વિશે ઘણુ લખાયું છે, સવાર સવારમાં તેમનાં દર્શનને શુભ માનવામાં આવે છે. તેમનાં દર્શન થતાં જ કોઈ હકારાત્મક ઉર્જા કે આત્મવિશ્વાસનો સંચાર થાય છે.

સૌરાષ્ટ્ર કે સમગ્ર ગુજરાતમાં દેશી ગાયનાં ઉછેર અંગેની જે જાગૃતિ જોવા મળે છે તેમાં રાજકોટનાં ગૌ-પ્રેમી એવા મનસુખભાઈ સુવાગીયા દ્વારા આપવામાં આવેલ યોગદાન પણ નાનુસૂનુ નથી. અંદાજે વર્ષ ૨૦૦૨થી તેમણે સૌરાષ્ટ્ર ગુજરાતનાં કેટલાય ગામોમાં ફરી જ્ઞાતિ સંમેલનો, જાહેર સંમેલનો, અંગત પ્રસંગોએ ખૂબ જ ઉમદા પ્રયત્નો થકી ગીર ગાય પ્રત્ને ક્રાંતિ સર્જેલ મનસુખભાઈ સુવાગીયા દેશી ગાયનાં ઘી, દૂધ, ગૌમૂત્ર વિગેરે બાબતોનાં પ્રખર હિમાયતી રહયા છે. તેઓ દ્વારા દેશી ગાયો પર અનેક પુસ્તકો લખી દેશી ગાય પરત્વે જાગૃતિનું એક પ્રેરક અભિયાન ચલાવેલ છે. તેઓ દ્વારા લખાયેલ પુસ્તકોની લાખો નકલોનું વિતરણ કરવામાં આવેલ. ગાયો પર અનેક સંશોધનો કરી વિશ્વમાં ગાય જ સર્વશ્રેષ્ઠ બાબતો સાથે જોડાયેલ છે, એવા મુકામ પર આવી એમના દ્વારા આપવામાં આવેલા ખાસ સૂત્રો જોઈએ તો આંગણે જાતવાન દેશી ગાય, માતાનાં ગર્ભથી જીવનપર્યંત દેશી ગાયના ઘી, દૂધનો આહાર લો, ગૌમૂત્ર, ગોબરથી ગૌ આધારીત ખેતી કરો. આમ તેઓ દ્વારા આપણી દેશી ગાય પ્રત્યેની જાગૃતિ દર્શાવી ચલાવાતું અભિયાન અભિનંદનને પાત્ર છે.

આજે પશ્ચિમી દેશો ભારતની પ્રાચીન સંસ્કૃતિનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરી રહયા છે, ત્યારે આપણે આધુનિક સમયની સાથે ચાલતા-ચાલતા આપણી પ્રાચીન સંસ્કૃતિનાં અમૂલ્ય વારસાને જાળવી રાખી આપણી સંસ્કૃતિની શ્રેષ્ઠ વસ્તુઓને અગ્રતા આપી તંદુરસ્ત ભારતનાં નિર્માણમાં અભિન્ન અંગ એવી ગીરગાયને શ્રેષ્ઠસ્થાન આપી આપણા જીવનમાં તંદુરસ્તી પ્રદાન કરનારી ગૌમાતાના આપણી ઉપર રહેલ ઋણને આંશિક રીતે ઉતારવા પ્રામાણિક પ્રયત્નો કરીએ.

અને છેલ્લે, આપણા જીવન નિર્વાહ માટે ઘી, દૂધ, ઔષધિ તથા આજીવિકા બક્ષતી એવી આપણી પ્રાચીન વારસા સમી ગાય માટેની યોગ્ય જાળવણી માટે જો શ્રેષ્ઠ પ્રયત્ન નહીં કરવામાં આવે તો કદાચ આવનારા સમયમાં ધાર્મિક પ્રસંગો, શુભ પ્રસંગો કે અન્ય કાર્યો માટે ગાય સંબંધિત વસ્તુઓની જરૂર પડશે. તો ભારત દેશે અન્ય બ્રાઝીલ જેવા દેશો ઉપર નિર્ભર રહેવું પડશે. જે આપણી કમનસીબી ગણાશે માટે એ પહેલાં જ આપણા સૌનાં સહીયારા પ્રયત્નો થકી આપણે ગૌ-માતાને શ્રેષ્ઠ નવજીવન બક્ષીને તેમનું સન્માન વધારીએ.

અહેવાલ : ખુમાણ દિલુભાઈ એમ. (હાથસણી)